**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**
**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

**ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ**

**પ્રશ્નપત્ર - ૧**

(સમય : સવારે ૯ થી૧૨) રવિવાર, ૭ જુલાઈ, ૨૦૧૩ કુલ ગુણ : ૧૦૦

**☞ અગત્યની સૂચના ☜**
પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

(વિભાગ-૧ 'વચનામૃત' નવી આવૃત્તિના આધારે)

**અભ્યાસક્રમના વચનામૃતઃ** ગ. પ્ર.-૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૪, ૨૭, ૩૭, ૪૪, ૪૭, ૫૦, ૬૦, ૬૭, ૬૮, ૭૧, ૭૬, સા-૭, પં.૩, ૭.

**પ્ર.૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.

**૧. કોને પશુ જેવો જાણવો ? (પ્ર.૨૧/૩૨-૩૩)**

જ. કેવળ દેહાભિમાની ને પ્રાકૃત મતિવાળો છે અને તે જો સત્સંગમાં પડ્યો છે તો પણ એને પશુ જેવો જાણવો.

**૨. ચારેય નિષ્ઠા એકને વિષે વર્તે તેને શું કહીએ ? (પ્ર.૪૭/૯૧)**

જ. ચારે નિષ્ઠા એકને વિષે વર્તે ત્યારે તેને પરમ ભાગવત કહીએ અને એને જ એકાંતિક ભક્ત કહીએ.

**૩. ભગવાનની મૂર્તિમાં કેની પેઠે ત્યાગ-ભાગ સમજવો નહીં ? (પં.૭/૩૪૬)**

જ. ભગવાનની મૂર્તિમાં સાકરના રસની મૂર્તિની પેઠે ત્યાગ-ભાગ સમજવો નહીં

**૪. ભગવાનને તત્ત્વે સહિત ક્યારે જાણ્યા કહેવાય ? (પં.૭/૩૪૬-૩૪૭)**

જ. ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય-સ્વરૂપ રહ્યું છે તેને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**૧. ગ.પ્ર.૧૯ મુજબ એકાંતિક ભક્ત માટે આત્મનિષ્ઠા અને પ્રીતિ એ બંનેને પરસ્પર શી અપેક્ષા છે ? (પ્ર.૧૯/૨૯)**

જ. આત્મનિષ્ઠા તો હોય પણ જો શ્રીહરિને વિષે પ્રીતિ ન હોય તો તે પ્રીતિએ કરીને થઈ જે શ્રીહરિની પ્રસન્નતા તેણે કરીને જ પામવા યોગ્ય એવું મોટું ઐશ્વર્ય જે, 'માયાના ગુણે કરીને પરાભવ ન પમાય એવું મોટું સામર્થ્ય' તેને એ ભક્ત નથી પામતો; અને શ્રીહરિને વિષે પ્રીતિ હોય પણ જો આત્મનિષ્ઠા ન હોય તો દેહાભિમાનને યોગે કરીને તે પ્રીતિની સિદ્ધિ થાતી નથી.

**૨. વાસના ટાળવાના ત્રણ ઉપાય લખો. (પ્ર.૬૦/૧૧૨)**

જ. એક તો આત્મનિષ્ઠાની દૃઢતા જોઈએ અને બીજું પંચવિષયનું તુચ્છપણું જાણ્યું જોઈએ અને ત્રીજું ભગવાનનું અતિશય માહાત્મ્ય જાણ્યું જોઈએ જે, 'ભગવાન, વૈકુંઠ, ગોલોક, બ્રહ્મમહોલ એ સર્વે ધામના પતિ છે. માટે એવા ભગવાનને પામીને તુચ્છ વિષયના સુખમાં હું શું પ્રીતિ રાખું ? એવી રીતે ભગવાનના મહિમાનો વિચાર કરે.

**૩. જ્ઞાનમાં સ્થિતિ થાય ત્યારે શું થાય ? (પ્ર.૨૪/૩૭)**

જ. જ્ઞાનને વિષે સ્થિતિ થાય છે ત્યારે પ્રકૃતિપુરુષ ને પ્રકૃતિપુરુષનું જે કાર્ય તે કાંઈ નજરમાં આવતું નથી. અને એનું નામ જ્ઞાનપ્રલય કહેવાય છે. અને એવી સ્થિતિ થાય છે તેને એકરસ ચૈતન્ય ભાસે છે ને તેને વિષે એક ભગવાનની મૂર્તિ જ રહે છે, પણ બીજો કોઈ આકાર રહેતો નથી.

**૪. કોનામાં સત્પુરુષના ગુણ કોઈ કાળે આવે જ નહીં ? (પ્ર.૬૭/૧૩૩)**

જ. આ મોટા કહેવાય છે પણ વિવેક તો કોઈ પ્રકારનો નથી અને ખાતાં-પીતાં પણ આવડતું નથી અને ઓઢતાં-પહેરતાં પણ આવડતું નથી અને પરમેશ્વરે સુખ ઘણું આપ્યું છે તેને ભોગવતાં પણ આવડતું નથી અને કોઈને આપે છે તે પણ વિવેક વિનાનું આપે છે. એવી રીતે સત્પુરુષમાં અનંત પ્રકારના અવગુણ પરઠે એવો જે કુમતિ પુરુષ હોય, તેને વિષે કોઈ કાળે સત્પુરુષના ગુણ આવે જ નહીં.

**પ્ર.૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૩ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

**૧. બાળકના હાથમાં ચિંતામણિ હોય. (ગ.પ્ર.૨૪/૩૯)**

**દૃષ્ટાંત :** જેમ બાળકના હાથમાં ચિંતામણિ દીધો હોય તેનું તેને માહાત્મ્ય નથી એટલે આનંદ નથી. તેમ ભગવાન પુરુષોત્તમ મળ્યા છે અને તેનો  અંતરમાં આઠેપહોર કેફ રહેતો નથી જે, 'મારું પૂર્ણકામપણું થયું છે.' એવું નથી સમજતો, એ હરિના ભક્તને મોટી ખોટ્ય છે.

**સિદ્ધાંત :** ચિંતામણિ શું છે તે બાળકને ખબર ન હોવાથી તેના હાથમાં તે આપીએ તો તેને મહિમા ન હોવાથી તેને આનંદ આવતો નથી. તેમ ભગવાનના મહિમાને સમજ્યા ન હોય એટલે તેનો આનંદ આપણને આવતો નથી. અને અંતરમાં તેનો કેફ રહેતો નથી.

**૨. રાજા, ઈંગ્રેજ અને ગુનેગારનું દૃષ્ટાંત (પં.૩/૩૩૧-૩૩૨)**

**દૃષ્ટાંત :** જેમ કોઈ રાજાએ પોતાના શત્રુને પકડ્યો હોય, તેને બેડીમાં બાંધી રાખીને કામ કરાવે પણ છૂટો મેલે નહીં ને વિશ્વાસ પણ કરે નહીં; અને જો તેને છૂટો મેલે ને વિશ્વાસ કરે તો રાજાને તે વૈરી નિશ્ચય મારે. તેમ જો ઇન્દ્રિયોરૂપ વૈરીનો વિશ્વાસ કરે ને છૂટાં મૂકે ને કેદમાં ન રાખે તો એને નિશ્ચય ભગવાનના માર્ગ થકી પાડી નાંખે છે. માટે એનો વિશ્વાસ ન કરવો. અને વળી જેમ ઈંગ્રેજ કોઈક ગુનેગારને પકડે ત્યારે તેને પાંજરામાં ઊભો રાખીને પૂછે છે, પણ છૂટો મૂકતો નથી ને તેનો વિશ્વાસ કરતો નથી.

**સિદ્ધાંત :** રાજાનો વૈરી છૂટો મૂકાય તો નિશ્ચય તે ભવિષ્યમાં રાજાને મારે. તેમ ઇન્દ્રિયોરૂપ વૈરીને જો છૂટા મૂકીએ તો તે ભગવાનના માર્ગ થકી પાડી વિષયના માર્ગે જોડે છે. માટે ઇન્દ્રિયોને પંચ વર્તમાનના નિયમરૂપ જે પાંજરું તથા બેડી તેમાં રાખીને ભગવાનની ભક્તિ કરાવવી.

**૩. હવેલીનું દૃષ્ટાંત (પ્ર.૧૮/૨૬)**

**દૃષ્ટાંત :** એ જીવ વિષયી જીવની સભામાં બેઠો હોય અને તે જગ્યા પણ સુંદર સાત માળની હવેલી હોય, તે હવેલીને વિષે કાચના તકતા સુંદર જડ્યા હોય અને સુંદર બિછાનાં કર્યાં હોય, તેમાં નાના પ્રકારનાં આભૂષણ તથા વસ્ત્રને પહેરીને વિષયી જન બેઠા હોય અને દારૂના શીશા લઈને પરસ્પર પાતા હોય અને કેટલાક તો દારૂના શીશા ભરેલા પડ્યા હોય અને વેશ્યાઓ થેઈથેઈકાર કરી રહી હોય અને નાના પ્રકારના વાજિંત્ર વાજતાં હોય, તે સભામાં જઈને જે જન બેસે તે સમે તેનું અંતઃકરણ બીજી જાતનું થઈ જાય છે. અને તૃણની ઝૂંપડી હોય ને તેમાં ફાટેલ ગોદડીવાળા પરમહંસની સભા બેઠી હોય અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ સહવર્તમાન ભગવદ્વાર્તા થાતી હોય, તે સભામાં જઈને જે જન બેસે ત્યારે તે સમે તેનું અંતઃકરણ બીજી રીતનું થાય છે.

**સિદ્ધાંત :** સત્સંગ અને કુસંગને યોગે કરીને જેવું અંતઃકરણ બીજી રીતનું થાય છે તેને જો વિચારીને જુએ તો જાણ્યામાં આવે છે અને ગબરગંડને તો કાંઈ ખબર પડતી નથી. માટે આ વાર્તા છે તે છેક મૂર્ખપણે પશુને પાડે વર્તતો હોય તેને તો ન સમજાય અને જે કાંઈક વિવેકી હોય અને કાંઈક ભગવાનનો આશ્રિત હોય તેને તો આ વાર્તા તુરત સમજ્યામાં આવે છે.

**પ્ર.૪ નીચેના પ્રસંગોમાંથી કોઈપણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણથી ચાર લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધ : (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ સંદર્ભનો અને ૧ ગુણ સમજૂતિનો આપવો. (૨) ઉકેલપત્રમાં આપેલા સંદર્ભ સિવાય અભ્યાસક્રમમાં આવતા વચનામૃતમાંથી બીજો કોઈ પણ સંદર્ભ પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતો હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા. જ્યાં બે સંદર્ભ આવતાં હોય ત્યાં કોઈ પણ એક સંદર્ભ અને તેને અનુરૂપ સમજૂતિ લખી હોય તો તેના પૂરા ગુણ આપવા.**

૧. **દસ જણાએ નદી પાર કર્યા પછી ટોળાની ગણતરી કરી ત્યારે નવ જ થયા તેથી ગણનારો રડવા લાગ્યો. (પ્ર.૨૦/૩૦)**

**સંદર્ભ :** ગ.પ્ર. ૨૦ આ દેહમાં રહેનારો જે જીવ છે તે રૂપને જુએ છે અને કુરૂપને જુએ છે તથા બાળ, યૌવન અને વૃદ્ધપણાને જુએ છે, એવા અનંત પદાર્થને જુએ છે, પણ જોનારો પોતે પોતાને જોતો નથી અને કેવળ બાહ્યદૃષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે પણ પોતે પોતાને નથી જોતો તે જ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે.

**સમજૂતિ :** આ દેહમાં રહેલો જીવ અનંત પ્રકારના વિષય ભોગવી તેમાં સુખને શોધવાનો પ્રયત્ન કરે છે. પણ પોતે પોતાના સુખને એટલે કે આત્માના સુખે સુખી રહેવાને બદલે બાહ્ય સુખમાં સુખ શોધે છે. એટલે મહારાજે તેમને અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની કહી તેવી જ બીજી ઉપમાઓ આપે છે.

૨. **ભાલ જેવા પ્રદેશમાં મહારાજને ખુદા જાણી દાતણ આપનાર બીબડી બુદ્ધિશાળી હતી. (પ્ર.૫૦/૯૪)**

**સંદર્ભ :** જે કલ્યાણને અર્થે જતન કરે છે ને તેની બુદ્ધિ થોડી છે તો પણ તે કુશાગ્રબુદ્ધિવાળો છે.

**સમજૂતિ :** જે પોતાના કલ્યાણને અર્થે સાવધાનપણે વર્તે તે જ કુશાગ્રબુદ્ધિવાળા છે અને તે વિના તો સર્વે મૂર્ખ છે. પોતાના કલ્યાણનું જતન પહેલાં કરવું. બીજાનું તો લોટોજોટો કરવું.

૩. **કામરોળના દાજીભાઈએ ગુણાતીતાનંદ સ્વામી સામે જોઈને પાંચ માળા ફેરવી તો કામના ઘાટ ટળી ગયા. (સા.૭/૧૯૦)**

**સંદર્ભ :** 'મનોમય ચક્ર તે મનને જાણવું અને એની ધારા તે દસ ઈન્દ્રિયો છે એમ જાણવું. અને તે ઈન્દ્રિયોરૂપ જે મનની ધારા તે જે ઠેકાણે ઘસાઈને બૂઠી થઈ જાય તેને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. તે ઠેકાણે જપ, તપ, વ્રત, ધ્યાન, પૂજા એ આદિક જે સુકૃત તેનો જે આરંભ કરે તે દિનદિન પ્રત્યે વૃદ્ધિ પામે. એવું જે નૈમિષારણ્ય ક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય તે ઠેકાણે જાણવું.'

**સમજૂતિ :** ભગવાન કે ભગવાનના અખંડ ધારક સંત જ્યાં બિરાજમાન હોય ત્યાંજ મનની વૃત્તિઓ કુંઠિત થાય છે અને પંચવિષય સંબંધી જે ઘાટ છે તે ટળી જાય છે. માટે ગુણાતીતાનંદ સ્વામીની સામે જોઈને દાજીભાઈએ માળા ફેરવતા તેમની વૃત્તિઓ કુંઠિત થઈ ગઈ અને કામના ઘાટ ટળી ગયા.

૪. **પ્રમુખસ્વામી મહારાજ ઘણી વખત અમેરિકા ગયા છે છતાં એક પણ વખત ડિઝની વર્લ્ડ જોવા ગયા નથી. (પ્ર.૫૦/૯૪)**

**સંદર્ભ :** જે ભગવાનના ભક્ત છે તેની બુદ્ધિ તો તે વિષયભોગને વિષે અંધકારે યુક્ત વર્તે છે, કહેતાં તે વિષયને ભોગવતા નથી.

**સમજૂતિ :** ભગવાનના એકાંતિક ભક્તને જગતના પંચવિષયરૂપી ભોગ ભગવાનના સુખ આગળ તુચ્છ લાગે છે. માટે તે વિષયભોગને તે ભોગવતા નથી.

**પ્ર.૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો. (કુલ ગુણ ૯)**

**નોંધ : વચનામૃત ક્રમાંક ન લખ્યો હોય તો ચાલે.**

૧. 'જેને પંચવર્તમાનમાં કોઈ વાતે ખોટ્ય ન હોય અને ગમે તેવા વચનના ભીડામાં લઈએ, અને એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ તો પણ કોઈ રીતે દેહપર્યંત મૂંઝાય નહિ, એવો હોય તે પાકો સત્સંગી છે અને એવા હરિભક્ત ઉપર અમારે વગર કર્યું સહજે જ હેત થાય છે.' (ગ.પ્ર.૭૬/૧૫૯)

૨. 'જ્યારે કોઈ હરિભક્તનો દોષ નજરમાં આવે ત્યારે એમ સમજવું જે 'આનો સ્વભાવ તો સત્સંગમાં ન ઘટે એવો છે તોય પણ એને જો સત્સંગ મળ્યો છે અને એ જો જેવો તેવો છે તોય પણ સત્સંગમાં પડ્યો છે તો એનો પૂર્વજન્મનો અથવા આ જન્મનો સંસ્કાર ભારે છે તો આવો સત્સંગ મળ્યો છે.' એમ સમજીને તેનો પણ અતિશય ગુણ લેવો.' (ગ.પ્ર.૨૪/૩૯-૪૦)

૩. 'એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચઢાવીએ છીએ અને તેને દુઃખવતા થકા મનમાં બીએ છીએ અને તેનાં દર્શનને પણ ઈચ્છીએ છીએ. અને તે તો જેમ નાવમાં બેસીને સમુદ્ર તરવાને ઈચ્છે એવા ડાહ્યા છે. તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ચૈતન્યની જ મૂર્તિ થઈને ભગવાનના હજૂરમાં રહે છે. અને જે એવા યથાર્થ ભગવાનના ભક્ત છે તેનું દર્શન તો ભગવાનના દર્શનતુલ્ય છે અને એના દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે.' (ગ.પ્ર. ૩૭/૬૫-૬૬)

**વિભાગ - ૨ : ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૧ તથા ૨ નવી આવૃત્તિના આધારે**
**(ભાગ - ૧, ઉદ્‌ગીથ : ૧ થી ૨૨ તથા પરિશિષ્ટ - ૨, ૩ ભાગ - ૨, ઉદ્‌ગીથ : ૧ થી ૬નાં આધારે)**

**નોંધ :-(૧) પ્રશ્ન : ૬ થી ૯ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. નીલકંઠવર્ણીની દક્ષિણ ભારતયાત્રા**

૧. માનસપુરમાં - માળી : 'ભલે પધાર્યા, પ્રભુ ! હું આપની જ રાહ જોતો હતો.' - રાજા સત્રધર્મા : 'ઘણા સમયથી આપના જેવી ઈશ્વરીય વિભૂતિનાં દર્શનની ઝંખના કરતો હતો.' - વર્ણીએ રાજાને ધર્મ- અધર્મનાં લક્ષણ સમજાવ્યાં - અધર્મી અને અડબંગી બાવાઓ પાસે શાલિગ્રામની માગણી - બાવાઓનો કાઢેલો કચ્ચરઘાણ. ૧/૨૨૩-૨૨૯

૨. પાણીના સર્પ ઝેરી ન હોય - ભગવાનનો પણ ભક્તને વિશ્વાસ આવતો નથી. - જયરામદાસ ઘેર પરત - પશ્ચિમમાં આવજે. - તિરુપતિ-વેંકટાદ્રિમાં યાત્રિકોનાં કલ્યાણ અર્થે પધાર્યા - સેવકરામની સેવા. ૧/૨૨૯-૨૩૩

૩. કાંચીપુરી અને શ્રીરંગક્ષેત્રમાં - શિવજીનો સાથવો જમે છે. - તોતાદ્રિમાં જિયર સ્વામીનો મેળાપ. ૧/૨૩૩-૨૪૨

૪. કુમારીકા ક્ષેત્રમાં - પદ્મનાથ અને જનાર્દનમાં - કેશવતીર્થમાં - પંઢરપુરમાં - પૂનામાં બાપુ ગોખલેને ઘેર. ૧/૨૪૨-૨૪૮

૫. બુરાનપુર તરફ - જનાનાબાદમાં વૈષ્ણવો માટે હરિ, શૈવો માટે હર ! - શિવાશા અને ગોવિંદ શેઠને 'સબ ભૂમિ ગોપાલકી - વિપ્રોને 'સ્વાદનો વિચાર કરીએ તો વૃત્તિ સ્વાદમાં જાય. - માલેગામમાં - ત્રણ વખત વિષ્ણુ પૂજા. ૧/૨૪૯-૨૫૩

**૨. નીલકંઠ જગન્નાથપુરીમાં**

૧. જગન્નાથપુરીની વાટે : તમો તો ભગવાન છો એટલે તમને તો કોઈ આધાર ન જોઈએ. પણ અમે તો સૌ તમારે આધારે જ જીવીએ છીએ.- જયરામદાસ- સંબંધીઓનો પ્રેમ બંધનકારી છે. તે માયાપાશ છે. - મારી સાથે રહેવું હોય તો બીક છોડવી પડશે.- નીલકંઠવર્ણી - વનમાં પ્રાણીઓ માટે પાણીનો અવેડો ભરાવ્યો - જયરામદાસ ને અક્ષરધામના દર્શન કરાવ્યા. - જેને અમારો સંબંધ થયો છે, તેને અમે કદી છોડતા નથી. ૧/૨૦૯-૨૧૧

૨. જગન્નાથપુરીમાં ઈન્દ્રદ્યુમ્ન સરોવર પાસે નિવાસ - વર્ણીની શ્રદ્ધા-ભક્તિ જોઈને પૂજારીએ મોકલેલી થાળની પ્રસાદી- જે તેમનું સાનિધ્ય સેવતા તેમના અંતરમાંથી જગત સંબંધી સંકલ્પો બંધ થઈ જતા - પુરીના રાજા દર્શને- રાજાએ ગુરુ તરીકે સ્વીકાર્યા - રાજાને સમાધિ - જગન્નાથજી એ જ વર્ણીન્દ્ર ભગવાન છે. તેવી રાજાને પ્રતીતિ- નાગા બાવાઓ રોષે ભરાયા - ભેખમાં ભ્રષ્ટતા - નિષ્કુળાનંદ સ્વામીએ કરેલું વર્ણન. ૧/૨૧૨-૨૧૫

૩. રાજા-પ્રજાને ભોળવી લેનાર વર્ણીનો કાંટો કાઢવાનો બાવાઓનો નિર્ધાર - રથયાત્રા ઉત્સવ - એક રથમાં વર્ણીને બેસાડી તે રથને પણ સૌ તાણવા લાગ્યા - વર્ણીને મળેલા આ સન્માનથી બાવાઓમાં રોષ - વર્ણીની સાથે સરોવર પર ગયેલા રાજા અને પ્રજાએ નિહાળેલી ભેખધારીઓની લીલા - સાધુઓને શિક્ષા કરવાનો

રાજાનો વિચાર - તેમનાં પાપથી જ તેમનો નાશ થશે. વર્ણી - વર્ણીની અજાચક વૃત્તિ - બાવાએ વર્ણીને ભાજી તોડવા કહ્યું - વર્ણીએ પાડેલી ના - બાવાઓમાં યુદ્ધ - જયરામદાસે પુરી જઈ રાજાને કરેલી જાણ - બાવાઓનો થયેલો વિનાશ - વર્ણીની નિશ્ચલતા જોઈ રાજા વિસ્મય - જગન્નાથપુરીમાં દસ માસ રહ્યા - મૂર્તિમાં રહી પૂજારીનો ભક્તિભાવ અને છળકપટ જોયાં. ૧/૨૧૬-૨૨૧

**૩. સમાધિ દ્વારા શ્રીહરિનાં ઐશ્વર્યનું દર્શન**

૧. ફણેણીમાં મુસલમાનને સમાધિ : અહીં તમે ઉંચે બેઠા છો અને આ ખુદા નીચે બેઠા છે. ૧/૩૮૩
૨. 'સ્વામિનારાયણ' મંત્રજાપ કરતાં શીતળદાસ સંન્યાસીને સમાધિ. ૧/૩૯૨-૩૯૩
૩. ધોરાજીમાં ચાર્વાક પંથીઓને, ભાવિક ભક્તોને સમાધિ. ૧/૩૯૪-૩૯૫
૪. પીપલાણા ઓઝત નદીમાં નરસિંહ મહેતાના પુત્ર રઘુનાથને સમાધિ. ૧/૩૯૮
૫. પીપલાણામાં ઉત્તર હિંદથી આવેલા વૈરાગીને સમાધિ. ૧/૩૯૮
૬. અગતરાઈમાં ઉમિયાશંકરના શ્રીહરિના મહિમાનો સ્વયંરચિત શ્લોકગાનથી એક હરિભક્તને સમાધિ - સભામાં બેઠેલ મુસ્લિમ જમાદારને સમાધિ. ૧/૩૯૯
૭. કાલવાણીના આહિર ભક્તોને સમાધિ. ૧/૪૦૦-૪૦૧
૮. કાલવાણીમાં સભામાં બેઠેલા વ્યાપકાનંદ સ્વામી સમાધિમાં ભૂમાપુરુષના લોકમાં 'સ્વામિનારાયણ' નામનો ઉદ્‌ઘોષ. ૧/૪૦૧
૯. કાલવાણીના ભીમજીભાઈની નરકના કૂંડ ખાલી કરવાની પ્રાર્થના કરી તેથી મહારાજની આજ્ઞાથી સ્વરૂપાનંદ સ્વામીએ સમાધિમાં યમપુરી જઈ નરકના કુંડો ખાલી કર્યા. ૧/૪૦૩-૪૦૫
૧૦. માંગરોળમાં સમાધિ દ્વારા શ્રીહરિનું ઐશ્વર્ય. ૧/૪૦૫
૧૧. માંગરોળ બજારમાં વેપારીના દીકરાને સમાધિ. ૧/૪૦૬
૧૨. માંગરોળના નગરજનોને સમાધિમાં સૌ સૌના ઈષ્ટદેવના દર્શન. ૧/૪૧૬
૧૩. ભોગાવાના કાંઠે હીરાચંદ વણિકને સમાધિ : મૂર્તિમાન ભોગાવતી તથા વઢવાણ શિખરબદ્ધ મંદિરના દર્શન.૧/૪૧૯-૪૨૦
૧૪. માંગરોળમાં મહિનાઓ સુધીની સમાધિવસ્થા. ૧/૪૨૩
૧૫. કાલવાણીમાં સંતદાસને સમાધિમાં રામાનંદ સ્વામીનો મુક્તાનંદ સ્વામી પરનો સંદેશો. ૧/૪૪૩
૧૬. મુક્તાનંદ સ્વામીને જ્ઞાન સમાધિ. ૧/૪૪૪-૪૪૫
૧૭. મેઘપુરના ભાટ અમરસિંહની પુત્રી લાડકીબાઈને સમાધિ. ૧/૪૫૫
૧૮. પંચાળામાં દાદાભાઈને ઘેર અંબારામ વિપ્રને સમાધિ. ૨/૯
૧૯. ગઢપુરની પુણ્યવતી ભૂમિમાં મલેકશાહ ફકીરના બાગમાં બાળકોને સમાધિ. ૨/૨૯-૩૦
૨૦. કારિયાણીમાં અજુબા અને ફૂલીબાને સમાધિ. ૨/૩૩
૨૧. મેમકામાં બે મનુષ્યોને સમાધિ કરાવી. ૨/૩૮
૨૨. બોચાસણમાં બાપુભાઈ તથા રણછોડભાઈ (પિતા-પુત્ર) બંનેને સમાધિ. ૨/૪૨
૨૩. અધોઈ ગામમાં નિષ્કુળાનંદ સ્વામીને યમદંડ લખવાની આજ્ઞા - સમાધિમાં યમયાતનાનું દર્શન. ૨/૭૫
૨૪. ભૂજમાં કૌશલ દેશના વૈરાગીઓને સમાધિ - ભૂજમાં લાધીબાઈને સમાધિ. ૨/૭૯-૮૦

**પ્ર.૭ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)**

**નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. રામપ્રતાપભાઈને થયેલો ઘનશ્યામના ઐશ્વર્યનો અનુભવ**

૧. ચકલાંને સમાધિ - કડવાં ચીભડાં મીઠાં થયાં. ૧/૩૭-૩૮
૨. એક સાથે અનેક તીર્થોમાં ઘનશ્યામનાં દર્શન ૧/૪૭
૩. કંદોઈની દુકાનમાં મીઠાઈનાં ટોપલાં અકબંધ ભરેલા જોયા. ૧/૫૧
૪. કીનકીથી આંબલિયા જતાં અંધારું થઈ જતાં ઘનશ્યામના શરીરમાંથી પ્રકાશ નીકળતો જોવા મળ્યો ૧/૫૫
૫. ચીભડાંના ખેંચી કાઢેલા વેલા પાછા ખેતરમાં ઊભેલા દેખાયા. ૧/૫૭

૬. વીસ વર્ષના મલ્લને ઘનશ્યામે હરાવ્યો- ત્યાં આવેલા રામપ્રતાપભાઈ મામલો પામી ગયાને ઘનશ્યામને ડરાવવા આવેલા મલ્લના બાપને ડારો આપ્યો. ૧/૮૯

**૨. નીલકંઠવર્ણીએ લોજમાં કરેલું સંપ્રદાયની ધર્મમર્યાદાનું સ્થાપન**

૧. સ્ત્રી-પુરુષની સભા નોંખી કરાવી ૧/૩૨૨-૩૨૩

૨. દીવાલમાં નહીં, ધર્મમાં છિદ્ર છે. ૧/૩૨૩-૩૨૪

**૩. 'સત્સંગમાં આવ્યા પછી કુપાત્રપણું રાખે ... તેને સત્સંગ બહાર કાઢી મેલવો.' આ વાક્યને સમર્થન આપતા બે પ્રસંગ લખો.**

**હરબાઈ અને વાલબાઈ :**

૧. પૂર્વભૂમિકા : હરબાઈ-વાલબાઈ માટે રામાનંદ સ્વામીને પ્રશ્ન. ૧/૩૫૪-૩૫૫

૨. કાલવાણીમાં શ્રી હરિની સભામાં બંને બાઈઓનું આગમન અને મહારાજનો ઉપદેશ. ૧/૪૪૬-૪૪૭

૩ અમે નવો પંથ ચલાવીશું . કલ્યાણનો ઈજારો તમારે ત્યાં નથી - હરબાઈની શ્રી હરિને સ્પષ્ટતા. ૧/૪૪૭

૪. મુક્તાનંદ સ્વામી સાથે એકાંતમાં ચર્ચા. ૧/૪૪૮

૫. ફરીથી શ્રી હરિનો સમજાવવાનો પ્રયાસ - બંનેની જુદા થવાની જાહેરાત. ૧/૪૪૮-૪૪૯

**રઘુનાથદાસ :**

૧. રામાનંદ સ્વામીના ધામગમનથી રઘુનાથદાસ આનંદમાં. ૧/૩૮૬

૨. માણાવદરમાં રામાનંદ સ્વામીએ તેમનું સર્વ ઐશ્વર્ય પોતાને આપ્યું છે તેવો યુક્તિપૂર્વકનો પ્રચાર. ૧/૩૯૫-૩૯૬

૩. સ્વામી રામચરણદાસે શ્રીહરિને રઘુનાથદાસને સત્સંગમાં વિશેષ બગાડ ન કરે માટે કાઢી મૂકવા કરેલી વિનંતી. ૧/૩૯૬

૪. માણાવદરમાં જાદવજી શેઠે મહારાજને ઓઢાડેલો કિંમતી ધોતી જોટો - રઘુનાથદાસની ઈર્ષા ૧/૪૦૮

૫. શ્રીહરિએ રઘુનાથદાસને શ્રીનગર (અમદાવાદ) જવા માટે મૂકેલો પ્રસ્તાવ - શ્રીનગર જવા માટે તૈયાર થયેલા રઘુનાથદાસ. ૧/૪૦૮-૪૦૯

૬. માંગરોળ જન્માષ્ટમીના સમૈયે આવેલા અમદાવાદના હરિભક્તોએ રઘુનાથદાસે ફેલાવેલા અસદ્‌ભાવની વાત કરી. ૧/૪૨૦-૪૨૧

૭. શ્રીહરિની આજ્ઞાથી રઘુનાથદાસને સમજાવવા ગયેલા રામદાસ સ્વામી. ૧/૪૨૨

૮. રામદાસ સ્વામીએ રઘુનાથદાસની ઉપાધિ માટેનો શ્રીહરિને લખેલો પત્ર. ૨/૧૪

૯. મુક્તાનંદ સ્વામીએ તત્કાળ અમદાવાદ જવાનો શ્રીહરિને કરેલો આગ્રહ. ૨/૧૫

૧૦. શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને આપેલું આશ્વાસન. ૨/૧૫

૧૧. જેતલપુરમાં રઘુનાથદાસે કરેલી ઉપાધિની પરાકાષ્ઠાને શ્રીહરિની સંકલ્પ શક્તિ અને ઉપદેશથી તૃણવત બની. ૨/૫૩

૧૨. અમદાવાદ પધારેલા શ્રીહરિ સમક્ષ રામદાસ સ્વામીએ રઘુનાથદાસની ઉપાધિની કરેલી રજૂઆત. ૨/૫૪

૧૩. જીવનો મોક્ષ ન બગડે તે માટે શ્રીહરિએ દર્શાવેલી કરૂણા ૨/૫૫

૧૪. શ્રીહરિના ઐશ્વર્ય પ્રતાપ અને સાથેના સંતોના વર્તનથી અમદાવાદના હરિભક્તોમાં રઘુનાથદાસ પ્રત્યે ભાવ ઓછો થયો. ૨/૫૫-૫૬

૧૫. શ્રીહરિ રઘુનાથદાસને સમજાવે છે. ૨/૫૬-૫૮

૧૬. શ્રીહરિ રઘુનાથદાસને વિમુખ કરે છે. ૨/૫૮-૫૯

**પ્ર.૮ નીચે આપેલાં પ્રસંગોમાંથી કોઈપણ <u>ત્રણ</u> પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું.) (કુલ ગુણ ૧૨)**

> **નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યાં કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

૧. **મેમકા છોડી દેજો (૨/૩૯)**

**પ્રસંગ :** મહારાજ મેમકાથી વિદાય થતા હતા ત્યારે મૂળજી શેઠ, હંસરાજભાઈ સુથાર, પટેલ શ્યામો કણસાગરો, પટેલ શ્યામો અગોલો મહારાજને વળાવવા સાથે ચાલ્યા. મહારાજે તેમને પાછા વાળતાં કહ્યું : 'તમે અમારી આજ્ઞા પાળશો ?' એટલે તેમણે કહ્યું : 'મહારાજ ! આપ જેમ કહેશો તેમ કરીશું.' ત્યારે મહારાજે કહ્યું : 'તમે આજથી વીસ દિવસની અંદર વઢવાણ પરગણાનું આ મેમકા છોડીને પર-પરગણામાં રહેવા જજો. કારણ વડોદરાથી બાબાજીનું લશ્કર આવશે. વઢવાણ સાથે લડાઈ થાશે અને મેમકું આખું બાળી દેશે.' તે સાંભળીને ચારે જણા ગંભીર બની ગયા. મહારાજે તેમને કહ્યું : 'સુખિયા થવું હોય તો આજ્ઞા પાળજો.' મહારાજની આજ્ઞાનુસાર મૂળજી શેઠ લીમલી, હંસરાજ સુથાર ખોલડિયાદ, શ્યામો કણસાગરો અને શ્યામો અગોલો ચાણપુર રહેવા ચાલ્યા ગયા. બરાબર વીસમા દિવસે વડોદરાથી બાબાજી દીવાનનું લશ્કર આવ્યું અને મેમકા લૂંટીને બાળી દીધું. પરંતુ મહારાજના આશ્રિત ભક્તોએ મહારાજની આજ્ઞા પાળી એટલે તેમની રક્ષા થઈ.

**મનન :** આજ્ઞા અને ઉપાસના બે પાંખો છે. આજ્ઞા પાળવામાં સુખ છે. આજ્ઞા પાળવાથી ભગવાન અને સંત મોટા ભય થકી આપણી રક્ષા કરે છે.

૨. **શ્રીહરિના સંતો ઉપર ભેખે વર્તાવેલો ત્રાસ (૨/૨૩)**

**પ્રસંગ :** સરધારમાં શ્રીહરિ સભામાં બિરાજ્યા હતા. ત્યાં બે સાધુ આવતાં જોઈને પાસે બોલાવી પૂછ્યું : 'કહો, આપણા સંતોને હવે ઉપાધિ કેવી છે ?' ત્યારે સાધુઓએ કહ્યું : 'મહારાજ ! એ જ વાત કહેવા અમે આવ્યા છીએ. વેરાગીઓ તુંબડાં, પત્તર ભાંગી નાખે છે, કંઠી અને જનોઈ તોડી નાખે છે, શિખા કાપી નાખે છે, સદાવ્રતોમાંથી લોટ, દાળ લૂંટી લે છે, ગાળો દે છે, અનેક ઉપાધિઓ કરે છે, પૃથ્વી પરનું કોઈ દુઃખ એવું નથી જે તમારા સાધુઓ ઉપર પડ્યું ન હોય.' તે સાંભળી શ્રીહરિએ કહ્યું : 'પૃથ્વી ઉપર જે સુખ નથી, તે સુખ તમને મળ્યું છે. મનુષ્ય-જીવનનું જે ફળ છે, તે તમને મળ્યું છે. દુઃખથી હારે તે સાધુ નહિ. આપણે સાધુ રહેવું છે માટે ક્ષમા રાખવી.'

**મનન :** 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' 'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો.' ભગવાન ભજવાનો મારગ પણ શૂરવીરનો જ છે. તેમાં બધી તરફથી વિઘ્નો આવવાના. આપણને દુઃખ દેનારને પણ ક્ષમા કરવી તે સાધુતાનો માર્ગ છે.

૩. **લોઢવામાં લખુ ચારણને ત્યાં નીલકંઠવર્ણી (૧/૨૯૮-૩૦૦)**

**પ્રસંગ :** આત્માનંદ સ્વામીનાં શિષ્યા. આત્માનંદ સ્વામીએ પ્રતિપાદન કરેલા અદ્વૈત મતમાં પ્રતીતિ હતી. રામાનંદ સ્વામી આત્માનંદ સ્વામીના શિષ્ય. પણ તેમનો નિરાકારવાદ તેમને રુચ્યો નહિ. તેથી શ્રીરંગક્ષેત્રમાં ગયા. જ્યાં તેમને સ્વપ્નમાં રામાનુજાચાર્યે ભાગવતી દીક્ષા આપી અને યોગ્ય સ્થળે જઈ ભાગવત ધર્મનું પ્રસારણ કરવાની આજ્ઞા આપી. આત્માનંદ સ્વામીના અંત સમયે સોરઠમાં પાછા ફરેલા રામાનંદ સ્વામી સાચા સદ્ગુરુ હોવાની પ્રતીતિ થતાં આત્માનંદ સ્વામીએ પોતાના તમામ શિષ્યોને બોલાવી રામાનંદ સ્વામીને ગુરુપદે સ્વીકારવાની આજ્ઞા કરી પણ લખુ ચારણે તેમને ગુરુપદે સ્વીકાર્યા નહિ. રામાનંદ સ્વામીએ તેને અદ્વૈત મત મૂકી દેવા સમજાવ્યું પણ તેણે માન્યું નહિ. તેથી તેને વિમુખ કરી. તપ અને જ્ઞાનના બળે વિકસેલ પરીક્ષકબુદ્ધિથી વર્ણી સનકાદિક જેવા મોટા તપસ્વી લાગ્યા. તેથી પોતાના ઘેર રાખ્યા. આત્માનંદ સ્વામીના શિષ્ય વિપ્ર વિઠ્ઠલ અને તેના પુત્રે દીક્ષા લીધી હતી. એ બંનેએ આત્માનંદ સ્વામીની આજ્ઞાથી વિઠ્ઠલાનંદ અને બાલાનંદ નામ ધારણ કરી લખુ ચારણને ત્યાં સેવા કરવા રહ્યા હતા. વિઠ્ઠલાનંદ રોજ વર્ણીને રસોઈ કરી જમાડતા. લખુ મલાઈમાં સાકર ભેળવી વર્ણીને રોજ આપતી. વર્ણી યુક્તિપૂર્વક અદ્વૈત મતનું ખંડન કરી વિશિષ્ટાદ્વૈત મતની સત્યતા સમજાવતા હતા. લખુને વર્ણીની વાતમાં વિશ્વાસ આવતા અદ્વૈત મત છોડીને વિશિષ્ટાદ્વૈત મત સ્વીકાર્યા. પરમાત્માના સાકાર સ્વરૂપની તેને પ્રતીતિ થઈ. ત્રણ મહિના લખુને ત્યાં રહીને વર્ણીએ નીકળતાં તેને વરદાન માગવાનું કહ્યું ત્યારે લખુએ કહ્યું :' મહારાજ ! આ મારો વીરો દીકરો અને આ સાઠ ભેંસું અવિચળ રહે.' ત્યારે વર્ણીએ કહ્યું : 'તમારા અદ્વૈત મતમાં તો આ બધું મિથ્યા ગણાય છે?' તો વીરો દીકરો અને ભેંસું મિથ્યા નહિ.' આ સાંભળતાં જ લખુએ કહ્યું : 'મહારાજ ! આપે મારા જ્ઞાનના અહંને આજે ઓગાળ્યો. આપ મને અવિચળ પદ આપો.'

**મનન :** જ્ઞાનનું લક્ષ્ય જીવન ન બને ત્યાં સુધી જ્ઞાન પણ કથનમાત્ર જ રહે છે. વાચ્યાર્થ જ્ઞાની પંડિતો વાદવિવાદોના વાડા રચે છે. પણ ભગવાન કે સંત મળે ત્યારે કથન જ્ઞાનમાંથી બહાર લાવીને લક્ષ્યાર્થ જ્ઞાની બનાવે છે.

**૪. બોચાસણમાં નીલકંઠવર્ણીએ આપેલા કોલ (૧/૨૭૦-૨૭૧)**

**પ્રસંગ :** નીલકંઠવર્ણી બોચાસણ પધાર્યા ત્યારે ગામના મુખી કાનદાસે બ્રાહ્મણોની ચોરાશી કરી હતી. કાનદાસે પોતાના પુત્ર કાશીદાસને વર્ણીને આમંત્રણ આપવા મોકલ્યા. વર્ણી તેમને ઘેર જમવા ગયા. ત્યારે બ્રાહ્મણોએ લાડુ ન આપતાં વર્ણી દૂધ-ભાત જ જમ્યા હોવાથી નાનીમાએ બીજે દિવસે વર્ણીને જમવાનું આમંત્રણ આપ્યું. ત્યારે વર્ણીએ કહ્યું : 'મા ! અમો અહીં ફરી આવીશું, ઘણી વાર આવીશું. તમારે ત્યાં ઘર કરીને રહેશું. આ ગામ અમને બહુ જ ગમે છે.' - કાશીદાસનું કાડું ઝાલી વર્ણીએ કહ્યું : 'આ તો અમારા જ છે અને અમારી બહુ સેવા કરશે.' નાનીમાએ તરત જ કહ્યું : 'મહારાજ ! આ કાંડું એમ ને એમ ઝાલી રાખજો.'

**મનન :** વર્ણીએ નાનીમાને આપેલા કોલ તમારે ત્યાં અમે ઘર કરીને રહીશું. તે કોલ તેમણે શાસ્ત્રીજી મહારાજ દ્વારા પૂરો કર્યો. શાસ્ત્રીજી મહારાજે મહારાજની મરજી મુજબ ત્યાં મંદિર બાંધ્યું અને અક્ષરપુરુષોત્તમ મહારાજ પધરાવ્યા. ત્યારથી મહારાજ મૂર્તિ દ્વારા ત્યાં રહ્યા છે.

**૫. ઝેરી ફળ અને મોહનદાસ તથા ઝેરી ફળ અને ખાખી બાવા (૧/૧૬૧-૧૬૨)**

**પ્રસંગ :** નેપાળના પર્વતીય પ્રદેશના જંગલોમાં મોહનદાસ નામના સાધુને વર્ણીનો ભેટો થઈ ગયો. ત્યાં ઊંચા ઝાડ પર કેરીનાં ફળ જેવડાં જાંબુના રંગ જેવા પાકાં ફળો નીચે પડેલા તે લઈને વર્ણી જમવા લાગ્યા. તે જોઈને મોહનદાસે પણ તે ફળ લીધાં પણ વર્ણીએ કહ્યું : 'ખાઈશ નહિ. આ તો ઝેરી ફળો છે. મરી જઈશ. એટલે મોહનદાસે તે નાખી દીધાં. એટલામાં ચાર ખાખી બાવાઓ આવ્યા. વર્ણીને ફળ ખાતાં જોઈને ઝાડ પરથી તેઓ પણ ફળ તોડવા લાગ્યા. વર્ણીએ મોહનદાસને કહ્યું : 'તેમને કહો કે આ ફળ ન ખાય.' મોહનદાસે બાવાઓને કહ્યું : 'તે ફળ ખાશો નહિ. ઝેરી છે. મરી જશો.' ત્યારે બાવાઓએ કહ્યું : પેલો બ્રહ્મચારી કેમ ખાય છે ? - મોહનદાસ : એ તો મહાપુરુષ છે. - ખાખીઓ : અમે પણ મહાપુરુષો છીએ. એમ કહીને ફળો ખાધાં અને થોડીવારમાં ચારેય મૃત્યુ પામ્યા.

**મનન :** મોહનદાસે આજ્ઞા પાળી તો જીવતા રહ્યા. જાતે જ અહમ્ બ્રહ્માસ્મિ થવા જાય પણ એકેય લક્ષણ તો હોય નહિ. તો બાવાઓ જેવી દુર્દશા થાય.

**પ્ર.૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ <u>એક</u> પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. તે પરીક્ષાર્થી પર આધાર રાખે છે. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

**૧. મૂળજી શર્મા**

૧. જેતપુરની સભામાં રામાનંદ સ્વામીએ અક્ષરબ્રહ્મના સાક્ષાત્ અવતાર મૂળજી શર્માની કરાવેલી ઓળખ ૧/૩૬૪-૩૬૫

૨. આ મૂળજી અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે...- ધર્મધૂરાની સોંપણીની સભામાં. ૧/૩૭૯

૩. 'સ્વામિનારાયણ' મહામંત્ર આપ્યો તે સભામાં અક્ષરબ્રહ્મની આપેલી ઓળખ ૧/૩૮૯-૩૯૦

૪. વર્ણાશ્રમના નિયમો મૂળજી કદી લોપતા નહિ. - મહારાજે રસોઈ કરતાં શીખવ્યું - અલૈયામાં સમૈયા પર ૨/૧૨-૧૩

૫. અસુર ક્યા લક્ષણે કરીને ઓળખાય- મૂળજી શર્માનો મહારાજને પ્રશ્ન- ૨/૬૧

૬. ભાદરાના મૂળજી શર્માનો સમાગમ કર્યો છે. એટલે અન્ય દેવ-દેવીઓનો અંતરમાં ભાર નહિ રહે. ૨/૭૪

**વ્યક્તિત્વનું આલેખન :** પ્રસંગોપાત મહારાજે મૂળજી શર્માની અક્ષરબ્રહ્મ તરીકેની ઓળખ કરાવી છે. પહેલેથી ધર્મ-નિયમની દૃઢતાવાળા હતા. પોતાના સંબંધમાં આવનારાના અંતરમાં અન્ય કોઈ દેવ-દેવીઓનો ભાર રહેવા દેતા નહિ

**૨. મયારામ ભટ્ટ :**

૧. થાંભલાને બાથ ભીડીને રહેવું એટલે સત્સંગના સ્તંભ સમાન આ મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવું. ૧/૩૨૬

૨. મુક્તાનંદ સ્વામી અને સરજૂદાસે લખેલા પત્રો લઈ ભુજમાં રામાનંદ સ્વામી પાસે ગયા - ૧/૩૩૨

૩. ટીપણું ફેંકી દેવા ગયા - વર્ણીની મરજી જોઈને બોલજો. - વર્ણી છે તો નાના બાળ પણ ઈશ્વર જેવા સમર્થ છે.૧/૩૩૫

૪. રામાનંદ સ્વામી પ્રત્યેના ગુરુભાવથી વર્ણીને પોતાના અંતરમાં પેસવા દીધા ન હતા. ૧/૩૫૯

૫. શ્રીહરિ ઉત્તર હિદુસ્તાનના છે એટલે રંગે રમવાનું વધુ ગમતું લાગે છે. - વસંત એ પરમાત્માની વિભૂતિ છે.૧/૪૦૭

૬. 'હવે સગપણ કરે તેને માથે સડતાલાના કાળનું પાપ' - આજથી તમો દ્રવ્ય અને સ્ત્રીમાં બંધાશો નહિ.૧/૪૦૯-૪૧૦

૭. યોગસાધના વગર સમાધિ પ્રકરણ ચલાવે છે. શુદ્ધ સંપ્રદાયને કલંક લાગશે.-મુક્તાનંદ સ્વામીને કરેલી વાત. ૧/૪૪૧

૮. તમારા સંશયવૃત્તિથી તમે ભરમાઓ છો અને બીજાને પણ એવી દ્વિધામાં મૂકી દ્યો છો. ૧/૪૪૫

૯. કૃષ્ણાવતારમાં ગાયો અને વાછરું બનાવી હતી. - નવલખા પર્વત પર નવ લાખ ઋષિઓને મળ્યા હતા.૧/૪૫૦-૪૫૧

૧૦. તેમની સંશયગ્રંથિ ગળી ગઈ હોવાથી તેમના ભાવને પોષવા મહારાજે તેમનું આમંત્રણ સ્વીકાર્યું. ૨/૧

**વ્યક્તિત્વનું આલેખન :** રામાનંદ સ્વામીમાં ગુરુભાવ હોવાથી તેમના સિવાય ક્યાંય વૃત્તિ જવા દેતા નહિ. તેમની મરજી જાણીને આજીવન સગપણ કર્યું નહિ. શ્રીહરિના સર્વોપરી ચરિત્ર જોવા છતાં સંશયવૃત્તિ રહી જતી. તે જ કારણે મુક્તાનંદ સ્વામીને સમાધિ પ્રકરણ અંગે વાત કરી શ્રીહરિને ઠપકાના શબ્દો કહેવડાવ્યા પણ મુક્તાનંદ સ્વામીનો સંશય દૂર થઈ આરતી બનાવી ત્યારે સ્વામીને પૂછ્યું તમને સમાધિ થઈ ? ત્યારે સ્વામીએ તેમને રામાનંદ સ્વામીનો સંદેશો આપ્યો અને સંશયવૃત્તિ દૂર થઈ ગઈ.

## વિભાગ - ૩ : ધાર્મિક વિધાનો અને ભાવનાઓ નવી આવૃત્તિના આધારે અને સામાન્ય જ્ઞાન નિબંધ

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

**૧. સ્વામિનારાયણ મંત્રનો અર્થ શું છે ? (૨૬)**

જ. સ્વામિનારાયણ મંત્રનો અર્થ 'સ્વામીરૂપ કહેતાં અક્ષરરૂપ થઈને નારાયણને પુરુષોત્તમને પામવા છે, એ ઉપાસનાનો વિચાર સ્પષ્ટ થાય છે.

**૨. પૂજા પછી તરત કરવાનું નિત્યકર્મ કયું છે ? (૧૮)**

જ. પૂજા કર્યા બાદ ઘરમંદિરમાં દર્શન કરી, માતા-પિતાને પંચાગ પ્રણામ કરવાં અને ઘરના અન્ય સભ્યોને પ્રણામસહ જય સ્વામિનારાયણ કહેવા.

**૩. પ્રાર્થના એટલે શું ? (૩૩)**

જ. પ્રાર્થના એટલે અંતરના ઊંડાણમાંથી ઉત્પન્ન થતો પરમાત્મા સાથેનો નીરવ સંવાદ, ભાવાત્મક વાર્તાલાપ.

**૪. સત્સંગ સભા શાનું વાવેતર અને શાનું નિંદામણ છે ? (૫૬)**

જ. સત્સંગ સભા એટલે સદ્‌વિચારોનું વાવેતર, પોષણ ને એનું સંવર્ધન તથા કુવિચારોનું નિંદામણ.

**૫. સાત્ત્વિક આહાર એટલે શું ? (૮૧-૮૨)**

જ. પુષ્ટિદાયક (દૂધ,મધ આદિ), આરોગ્યપ્રદ, સ્નિગ્ધ (ઘી, માખણ...), સ્થિર (શરીર સાથે એકરસ થઈ જનાર), મધુર સ્વાદિષ્ટ આહારને સાત્ત્વિક આહાર કહેવામાં આવે છે.

**પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૬)**

**૧. સુમેરુને શા માટે ઉલ્લંઘાય નહિ ? (૨૯)**

જ. નક્ષત્રો સુમેરુને કેન્દ્રમાં રાખી ફરે છે. સુમેરુ સ્થિર છે. નક્ષત્રોની ગતિ પૂર્વથી પશ્ચિમ પ્રતિ છે, કારણ પૃથ્વી તેની ઉત્તર-દક્ષિણીય ધરી પર પશ્ચિમથી પૂર્વ તરફ ફરે છે. આથી, કોઈપણ નક્ષત્ર દક્ષિણથી ઉત્તર તરફ ગતિ કરતું દેખાતું નથી. આથી, ઉત્તરધ્રુવના સ્થાને આવેલ સુમેરુ પર્વતને કોઈ ઓળંગી શકતું નથી, કોઈ ઓળંગતું નથી. સૌ કોઈ સુમેરુની મર્યાદા જાળવે છે. માળા નક્ષત્રમાળનું રૂપક છે. આથી તેમાં રહેલ સુમેરુનું પણ એવું જ માહાત્મ્ય સ્વીકારી, ભક્ત તે સુમેરુનો સ્પર્શ કરી, માળાની દિશા ફેરવી મંત્રજાપ પુનઃ શરૂ કરે છે. ઘરેલુ માન્યતા પ્રમાણે સુમેરુ ભગવાનનું સ્વરૂપ છે તેથી તેનું ઉલ્લઘંન ન કરતાં ચરણસ્પર્શ કરી માળા ઊલટાવાય છે.

**૨. સ્વામિનારાયણ સંપ્રદાયમાં કંઠીની બે સેર શા માટે હોય છે ? (૪૬)**

જ. ભગવાન સ્વામિનારાયણે ભક્તે સહિત ભગવાનની સેવા કરવાનું જણાવ્યું છે (વચનામૃત વર.૫) આમ, ભક્તે સહિત ભગવાનની ઉપાસના શ્રીજીમહારાજને અભિપ્રેત છે. આથી જ, કંઠીમાં બે સેર રાખવામાં આવે છે. શિક્ષાપત્રીની અર્થદીપિકા ટીકામાં શતાનંદ સ્વામીએ પણ આ જ વાત કરી છે : નનુ માલાદ્વયધારણે કો હેતુઃ ? ઈતિ ચેત્‌ શ્રી રાધાકૃષ્ણસ્ય યુગલસ્વરૂપોપાસકત્વસૂચનાર્થમ્‌ ઈતિ અવગમ્યતામ્‌ । અર્થાત્‌ કંઠીની બે સેર પહેરવી તેનું શું કારણ ? તો રાધા-કૃષ્ણ (ભક્ત અને ભગવાન) એમ બે સ્વરૂપોની ઉપાસના સૂચવવા માટે જ છે એમ સમજવું.

**૩. ઘરમંદિર વિશે પ્રમુખસ્વામી મહારાજ શું કહે છે ? (૫૪)**

જ. ઘરમંદિર સામે બેસીને સવારના આત્મવિચાર કરવાનો છે. મંદિર મન સ્થિર કરવાનું સાધન છે. ભગવાનની પૂજા થાય, આરતી-થાળ થાય પછી જ બધું કાર્ય થાય. જમવાનું રાંધ્યું હોય તે થાળ કરીને ભગવાનને અર્પણ કરવો. ઘરમંદિરનો આગ્રહ એટલા માટે છે કે આપણને જેમ ઘર જોઈએ છીએ તેમ ભગવાનને પણ ઘરમાં પોતાનું એક ઘર જોઈએ ને ! ભગવાન હંમેશા બેઠા હોય તો એમની દૃષ્ટિ આપણા પર રહે. પહેલાં ઘરમંદિરો થશે પછી હૃદયમંદિરો થતાં વાર નહીં લાગે. 'રોજ સાયંકાળે ભગવાનના મંદિરે જવાની આજ્ઞા છે. દૂર હોઈએ ને રોજ જઈ ન શકાય તો આ ઘરમંદિરમાં વ્યવસ્થિત આરતી, થાળ, ઘરસભા કરીએ તો એટલું જ ફળ મળે. માટે નિત્ય ઘરસભા કરીએ. ઘરમંદિરથી દરરોજ ભગવાનનો સંબંધ રહે. ઘરમંદિર હોય તો પણ પોતાની વ્યક્તિગત પૂજા હોવી જોઈએ. જ્યાં જઈએ ત્યાં સાથે રાખીએ. શેવ(દાઢી)નો સામાન સાથે લઈને બહારગામ જઈએ છીએ, તેમ પૂજા પણ સાથે જ હોય. મહેમાન થઈએ પણ પૂજા ન ભૂલીએ. થોડું જ કરો પણ રોજ-નિયમિત કરો. જે ઘરમંદિર કરશે તેના ઘરમાં, હૃદયમાં, કુટુંબમાં, આત્મામાં ભગવાન બિરાજશે.'

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ એકનો મુદ્દાસર જવાબ લખો. (દસેક લીટીમાં) (કુલ ગુણ ૩)**

**૧. ઘરસભા એટલે શું ? ઘરસભાની વ્યાખ્યા શું છે ? (૫૮)**

જ. માણસ બૌદ્ધિક પણ છે અને લાગણીપ્રધાન પણ છે. માણસના પારસ્પરિક સંબંધો બુદ્ધિથી નહીં પણ લાગણીથી, સ્નેહથી બંધાયેલા હોય છે. સ્નેહના તાંતણે એકત્રિત થઈ રહેલા આબાલવૃદ્ધનો સમૂહ એટલે જ કુટુંબ કે પરિવાર. સ્નેહ વિના તો ટોળું કહેવાય. પરસ્પર સ્નેહ વિના માણસ સ્વકેન્દ્રી બની જતાં કોઈનું થોડું પણ સહન કરી શકતો નથી. કુટુંબના સમૂહમાં પોતાનું જ આગવું વ્યક્તિત્વ ઉપસાવવા મથતા અનેક પ્રશ્નો સર્જાય છે. આધુનિક યુગના ભોગવાદી વિચારોના ઝપાટાઓમાં સ્નેહના તંતુઓ છિન્નભિન્ન થઈ જાય છે. આ સ્નેહના તંતુઓને સમજણ અને જ્ઞાનના ઓપથી મજબૂત બનાવી, તેને ગૂંથી, એક કૌટુંબિક વસ્ત્ર તૈયાર કરતી હાથશાળ એટલે જ ઘરસભા. આત્મીયતાનો સેતુ એટલે ઘરસભા. ઘરની પ્રત્યેક વ્યક્તિનું ઘડતર કરતી શાળા એટલે ઘરસભા. ઘરના પરિવારજનોની, આબાલવૃદ્ધોની સૌની સત્સંગ સભા એટલે ઘરસભા. સત્સંગ વ્યક્તિને ઘડે છે. વ્યક્તિમાં સદાચારનાં બીજ વાવે છે. અંતર તપાસતાં શીખવે છે. પોતાના દોષ સાંભળી, અન્યના ગુણોને ગ્રહણ કરવાનો વિવેક શીખવે છે. પ્રભુભક્તિ વધે છે. નમ્રતા આવે છે. સત્સંગથી તો કંઈ કેટલાયે લાભ થાય છે. સત્સંગગંગા ઘરઆંગણે વહેતી થાય તો ઘર પણ તીર્થરૂપ બની જાય. ઘરને તીર્થ બનાવતી ગંગા એટલે ઘરસભા.

**૨. આરતી વખતે ઘંટ, નગારું અને શંખનો નાદ શા માટે કરવામાં આવે છે ? (૪૨)**

જ. માણસની આંતરિક ઊર્મિઓ અને સંગીતને પહેલેથી જ ગાઢ સંબંધ રહ્યો છે. મનુષ્યને કોઈક અમૂલ્ય વસ્તુની પ્રાપ્તિ થાય, કોઈક ક્ષેત્રમાં અદ્વિતીય સફળતા મળે અને એનો આનંદ અંતરમાં ન સમાય ત્યારે વિજયનો એ આનંદ વ્યક્ત કરવા સહજભાવે તે નાચી ઊઠે છે, હર્ષોદ્‌ગારો કરવા માંડે છે, ચિત્ર-વિચિત્ર અવાજો કરે છે અથવા તાળીઓ પણ વગાડવા માંડે છે. પ્રાચીન કાળમાં આનંદ વ્યક્ત કરવા આવી રીતો મનુષ્ય અપનાવતો. સમય જતાં આવો આનંદ વ્યક્ત કરવા તે ઘંટ, નગારું, ઝાલર, શંખ વગેરેનો નાદ કરવા લાગ્યો. ભક્તને પણ ભગવાનની પ્રાપ્તિનો આનંદ છે. આ આનંદ ઘોષિત કરવા ભક્ત પણ આવા માંગલિક નાદ કરવા લલચાય છે. રાજાના વિજયોત્સવમાં પણ આવા નાદ થાય, તો ભગવાન તો રાજાધિરાજ છે. આથી જ, એમના પૂજનમાં આરતી સમયે આ નાદ કરવામાં આવે છે. વળી, નાદની વાતાવરણ પર પણ અસર હોય છે. ઢોલ પર થાપ પડે, તબલાંની રમઝટ બોલે તો સોરઠી યુવાનના પગ નાચવા માટે થનગનવા માંડે. ઢોલ-તબલાંનો નાદ એના મન પર છવાઈ જાય છે. 'માર્ચિંગ બૅન્ડ' વાગે અને માણસનો ચાલવાનો લય બદલાઈ જાય છે. ડીસ્કો સંગીત વાગે અને યુવાનના પગ ઊપડવા માંડે. આ રીતે વિવિધ નાદની માનસપટ પર વિવિધ અસરો છે. ઘંટ, ઝાલર, નગારાંનો વિજયસૂચક માંગલિક નાદ પણ માનવીના માનસપટ પર છવાઈ જાય છે. કહોને કે ભગવાનની સર્વોપરીતા છવાઈ જાય છે. અન્ય સર્વે વિચારો પાછા વળતાં ભગવાનની આરતીમાં ભક્ત નિમગ્ન બને છે. આ રીતે, ભગવાનની પ્રાપ્તિનો આનંદ પ્રતિઘોષિત કરવાના હેતુથી તેમ જ ભગવાનનાં આરતી-પૂજનને અનુરૂપ દિવ્ય વાતાવરણનું નિર્માણ કરવાના હેતુથી આરતી વખતે ઝાલર, શંખ, નગારું વગેરેનો નાદ કરવામાં આવે છે.

**પ્ર.૧૩નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (પંદરથી વીસ લીટીમાં) (કુલ ગુણ ૬)**

**૧. વિદ્યાભ્યાસ માટે ટીવી એક સફળ માધ્યમ ન કહી શકાય. (૭૪-૭૫)**

જ. ટીવી એક માધ્યમ છે. થાળીમાં કઈ વાનગી પીરસાય છે તેનું મહત્ત્વ છે, નહીં કે થાળીનું. થાળી તો સાધન છે. ટીવી પણ સાધન છે. અત્યારનું સર્વેક્ષણ જોતાં ટીવીના કાર્યક્રમોમાં શૈક્ષણિક કાર્યક્રમો બહુ જ ઓછા આવે છે. આવે છે તે પણ સામાન્ય. વિશિષ્ટ બુદ્ધિ ધરાવનારને રસ પડે તેવા કાર્યક્રમો નથી હોતા. ટીવીના શૈક્ષણિક કાર્યક્રમો જોવાની ટેવ પડે પછી બીજું જોવા લલચાઈ જ જવાય છે, જે નુકસાનકારક છે. ટીવીને કારણે વાંચનની ટેવ છૂટી જાય છે, જેથી વૈચારિક શક્તિ નાશ પામે છે. ટીવીના કારણે વિદ્યાર્થીને રમત-ગમતમાંથી રસ ઘટે છે. શાળામાં ટીવીના શૈક્ષણિક હેતુ અંગેના વપરાશ પછી બ્રિટનના એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે શાળાકીય ટીવીથી વિદ્યાર્થીઓમાં લખવાની આવડત તથા ઝડપ નોંધપાત્ર રીતે ઘટી છે. મોસ્કોના એક શૈક્ષણિક સેમિનારમાં સોવિયેત સેન્ટ્રલ ટેલિવિઝનના કાર્યક્રમોના મુખ્ય એડિટર શ્રી વિલેન ઈગોરોવે જણાવ્યું છે કે 'શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે સીધો સ્નેહસંબંધનો વાર્તાલાપ જ શૈક્ષણિક હેતુ માટે શ્રેષ્ઠ છે, ટીવી તેનું સ્થાન લઈ શકે નહીં.' હા, વિમાનચાલકની તાલીમમાં, અવકાશયાત્રીઓના શિક્ષણમાં ટીવી અને કોમ્પ્યુટરની સંયુક્ત સહાય ઘણી ઉપયોગી છે. અન્યથા, સામાન્ય શિક્ષણમાં તો એ સફળ નીવડ્યું નથી.

**૨. બાળસંસ્કાર અંગે કઈ બાબત પર વધુ ભાર મૂકવો જોઈએ ? (૬૪-૬૫)**

જ. બાળસંસ્કાર અંગે કઈ બાબત પર ભાર મૂકવો જોઈએ તે આપણે બધા જ જાણીએ છીએ, પરંતુ આંખ આડા કાન કરીએ છીએ. કારણ ? કારણ, નિશાન આપણે જ બનીએ છીએ. બાળસંસ્કાર અંગે માતા-પિતાના પોતાના આચાર અને વિચાર પર જ વધુ ભાર મૂકવો જોઈએ. માતા અને પિતાના પોતાના આચાર-વિચારના સંસ્કાર બાળકને લોહીમાં જ મળે છે. માટે બાળકના જન્મ પૂર્વે પણ માતા-પિતાનું આચરણ પવિત્ર હોવું જરૂરી છે. રામાયણમાં ભગવાન શ્રીરામ લક્ષ્મણજીને પૂછે છે : પુષ્પં દૃષ્ટ્વા ફલં દૃષ્ટ્વા દૃષ્ટ્વા સ્ત્રીણાં ચ યૌવનમ । ત્રીણિ રૂપાણિ દૃષ્ટ્વૈવ કસ્ય નો ચલતે મનઃ ॥ પુષ્પને, ફળને અને સ્ત્રીઓનું જોબન - આ ત્રણ રૂપ નીરખતાં કોનું મન ચલાયમાન થતું નથી ? જવાબ આપતાં લક્ષ્મણજી કહે છે : પિતા યસ્ય શુચિર્ભૂતો માતા યસ્ય પતિવ્રતા ઉભાભ્યામેવ સમ્ભૂતસ્તસ્ય નો ચલતે મનઃ ॥ જે વ્યક્તિના પિતા પવિત્ર હોય, માતા પતિવ્રતા હોય, આવાં માતા-પિતાથી ઉત્પન્ન થયેલ વ્યક્તિનું (ઉપરોક્ત ત્રણ રૂપો જોઈને પણ) મન ચલાયમાન થતું નથી. ગર્ભસ્થ શિશુ પર પણ માતાના આચાર-વિચારની છાપ પડે છે. ગર્ભધારણ કરતી માતા કેવા વાતાવરણમાં રહે છે અને પિતા કેવું વાતાવરણ પૂરું પાડે છે એ પર બાળસંસ્કાર અવલંબે છે. પ્રહ્‌લાદજી અને શુકદેવજીને ગર્ભમાં જ સંસ્કાર મળેલાને ! આધુનિક યુગમાં ગર્ભમાં મળેલા પોપ મ્યુઝીકના સંસ્કારથી ચાર વર્ષનું બાળક પોપ સંગીતકાર બની ગયું. જન્મતાં, આ દુનિયામાં પ્રવેશતાં બાળક પ્રથમ માતાનું અનુકરણ કરતું હોય છે. પછી પિતાનું અનુકરણ કરે છે. નાનકડા શિશુના મન પર માતા-પિતાનાં વર્તનની ઘણી જ ઊંડી છાપ પડે છે. અબ્રાહમ લિંકન પોતાની પ્રગતિનો યશ માતાને જ ચરણે ધરે છે. મહાત્મા ગાંધીજી કહે છે : 'મારી માતાએ જ મારા જીવનપથ્થરને સલાટની જેમ ઘડ્યો છે.' જીજીબાઈનાં હાલરડાંએ જ શિવાજીને શૂરવીરતા બક્ષી હતી. બાળક શ્રેષ્ઠ નકલખોર છે. એ તમારી જેમ ચશ્માં ચડાવી, આરામ ખુરશીમાં બેઠું બેઠું પગ પર પગ ચડાવી છાપું વાંચવાનો ઢોંગ કરશે. મમ્મીની જેમ રડતા નાના ભાઈને માથે હાથ ફેરવી છાનો રાખવાનો પ્રયત્ન કરશે, કારણ કે એણે આ બધું જોયું છે. મોટો ભાઈ જ્યાં ત્યાં કચરો ફેંકતો હશે તો નાનો પણ એમ જ કરશે. તમે પૂજા કરતા હશો તો બાળક તમારી બાજુમાં ડાહ્યુંડમરું થઈ બેસી જશે. તમે આરતી બોલતા હશો તો બાળકને બોલતાં નહીં આવડતું હોય તો પણ તાળીઓ વગાડી લલકારવાં માંડશે. તમે આંગળી પકડી મંદિરે લઈ જશો તો બીજી વાર સામેથી આવશે. તમે જીવનમાં નૈતિક મૂલ્યોને સાચવશો તો બાળક પણ તેને અનુસરશે. માટે માતા-પિતા, વાલીનું એવું આચરણ અપેક્ષિત રહે છે કે જેની છાપ બાળકના જીવનનો ધબકાર બની રહે.

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર નિબંધ લખો. - સામાન્યજ્ઞાન નિબંધ (પાંત્રીસથી ચાલીસ લીટીમાં) (કુલ ગુણ ૧૫)**

**નોંધઃ નિબંધ એ મૌલિક વિષય છે, તેમાં આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ વિષયને અનુરૂપ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.**

૧. **સદાય નિર્વાસનિકતાના ભોગી : સત્પુરુષ :** (૧) પરમ આનંદ અને પરમ સુખની સૌની ઝંખના - અને તે મેળવવા સૌ પ્રયત્નશીલ - પરંતુ સાચી દિશા, સાચી સાધના અને સાચી સમજણ વગર બધું વ્યર્થ - ભગવદ્‌ગીતા સૌને પરમ શાંતિ, પરમ સુખ અને પરમ આનંદના નિધિ બનાવવા માટે રચાઈ છે. - અર્જુન તો નિમિત્ત માત્ર - પરંતુ સૌને માટે ભગવદ્‌ગીતાનો માર્ગ દિશાસૂચન ખૂબ આવશ્યક. (૨) सर्वत्र अनभिस्नेह : નિર્વાસનિકતાના ભોગી ભગવાન શ્રીકૃષ્ણ કહે છે यः सर्वत्रानभिस्नेहस्ततत प्राप्य शुभाशुभम् । नाभिनन्दति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ( હે અર્જુન !) જે વ્યક્તિ સર્વત્ર આસક્તિ રહિત થાય છે અને શુભ કે અશુભ તે તે વસ્તુને પામીને નથી પામતો કે નથી દ્વેષ કરતો તેથી બુદ્ધિ વધુ સ્થિર કહેવાય છે. (ગીતા ૨/૫૭) य : सर्वत्र अनभिस्नेह : એમ આ શ્લોકનો પ્રારંભમાં પ્રયોજાયેલ अनभिस्नेहः શબ્દના મર્મને પામવા સ્નેહ અને અભિસ્નેહ બંને શબ્દોના અર્થ - સ્નેહ એટલે પ્રેમ. સ્નેહ તો પવિત્ર ઝરણું - પ્રસન્નતાનું પરમ ધામ, કર્તવ્ય પાલનનું પ્રેરક બળ - તેમાં દુઃખ કે ઉદાસીને સ્થાન નહિ - સ્નેહ ઊર્જા સ્ત્રોત છે. અભિસ્નેહ એટલે વાસના. સ્નેહમાં જ્યારે ભોગવાસનાની ગંદકી ભળી જાય, તે લૌકિક સ્વાર્થથી ખરડાય, દુરાગ્રહ, હઠાગ્રહનો ભાવ વધી જાય ત્યારે સ્નેહની પવિત્રતા ગુમ થઈ જાય - અને ભોગવિલાસની વાસનાનું રૂપ સ્નેહ ધારણ કરે છે. અભિસ્નેહ શબ્દ ભોગભૂખી વાસનાનો વાહક - આવી વાસનાથી અધ્યાત્મક માર્ગમાં બૌદ્ધિક સ્થિરતા ડામાડોળ - કર્તવ્યવિમુખ શક્તિહીન બનાવે છે - ન કરવાનું કરાવે છે. (૩) હવે અનભિસ્નેહ એટલે શું ? અભિસ્નેહ વગરની એટલે કે વાસનારહિત વ્યક્તિ. અહીં ભગવદ્‌ગીતા નિર્વાસનિકતાને પ્રગટ કરે છે. અનાસક્તિથી સર્જાયેલ નિર્દંભ પ્રેમને ઉજાગર કરે છે. અર્જુન સ્નેહી, પ્રેમાળ પરંતુ તેનો સ્નેહ અત્યારે વાસનાના - સ્વજનાસક્તિ વેષ્ટિતં - તેની શ્રીકૃષ્ણ ભગવાન દ્વારા નિર્વાસનિકતાની સમજણ - નિર્વાસનિકતા સ્થિર બુદ્ધિની પારાશીશી - પરમાત્માના સ્વરૂપમાં તેની પ્રજ્ઞા સ્થિરતા પામી હોય તે વ્યક્તિને આ સંસારમાં કોઈ વાસના રહે જ નહી. તેથી સ્વજનાસક્તિ રૂપ વાસનાને રાખીને સ્થિતપ્રજ્ઞતાને પ્રાપ્ત કરીને આનંદથી કર્તવ્ય નિભાવવાનો શ્રીકૃષ્ણ ભગવાનનો ઉપદેશ - સર્વત્ર અભિસ્નેહ એટલે સર્વત્ર નિર્વાસનિકતા. સર્વત્ર શબ્દ મૂકીને નિર્વાસનિકતા ક્ષેત્રને વિશાળતા અપાઈ છે. (૪) સત્પુરુષના જીવનમાં આ સર્વત્ર અભિસ્નેહનો મર્મ પ્રત્યક્ષ નિહાળી શકાય છે. **પ્રસંગ -૧ :** સ્વામીશ્રી ભાવનગરમાં બપોરનું ભોજન લઈ રહ્યા હતા. ભગવત્ચરણ સ્વામી કહે આ આખું મકાન મેં જોઈ કાઢ્યું. બધું જ વ્યવસ્થિત છે, સરસ છે. આપને કેવું લાગ્યું ? સ્વામીશ્રીનો સ્થિતપ્રજ્ઞતાથી ભરપૂર ઉત્તર 'અમારે તો બધું સરખું છે. બંગલા શું ને બંગલી શું ? ભગવાનની ઈચ્છાથી જે મળે તે સારું જ છે.' **પ્રસંગ-૨ :** સ્વામીશ્રી એટલાન્ટા (અમેરિકા)માં બિરાજમાન હતા. એક દિવસ રસોડા વિભાગના સ્વયંસેવકો આજની રસોઈનો વાનગીઓથી ભરેલો થાળ લઈને આવ્યા. એક સ્વયંસેવકે પૂછ્યું 'બાપા ! આમાંથી આપને શું ભાવે ? સ્વામીશ્રી તરત જ કહે 'ભગવાન જે જમે તે બધું ભાવે.' ભગવાનના થાળમાં જે આવે તે જમી લેવું. **પ્રસંગ-૩ :** લંડનમાં એક વાર એક દુકાનમાં સ્વામીશ્રીએ પધરામણી કરી. દુકાનના માલિક હરિભક્તે સ્વામીશ્રીને પૂછ્યું 'બાપા ! દુકાન ગમી ? સ્વામીશ્રી કહે એમાં ગમવાનું શું હોય ? બધું ધૂળનું જ છે. ભગવાન ભજાય એટલું જ સાચું. **પ્રસંગ-૪ :** એકવાર બોચાસણમાં સંતો સ્વામીશ્રીને વીંટળાઈને બેઠા હતા. હળવી વાતો થતી હતી. આજે અહીંયા મુકામનો આ છેલ્લો દિવસ હતો. જનમંગલદાસ સ્વામી કહે 'આપ અહીં આટલું રહ્યા એટલે અહીં સેટ થઈ ગયું હોય પણ બીજે જવાનું મન થાય ? કેમ ના થાય ? બધે સેટ થયેલા જ છીએ ને ? સેટ થવાનું ક્યાં રહ્યું ? સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા પછી ધીરેથી કહે બધે ભગવાનની કથાવાર્તા - ભજન કરવાનાં છે. એમાં સેટ થયાં એટલે સેટ. અમુક જ સ્થાને ફાવે એવું નહિ. ભગવાનની કથાવાર્તા, સેવા થાય એટલું જ સુખ ! એ જ સેટ થયા. ખરેખર ! નિર્વાસનિકતાનો ભોગ ભોગવી સત્પુરુષોનાં અંતઃકરણ પરિપુષ્ટ થતાં રહે છે. (૫) **સફળતા અને નિષ્ફળતામાં સમરસતા :** સફળતા અને નિષ્ફળતા આપણી બુદ્ધિને વિચલિત કરે તેનાં બે પરિબળો - અધ્યાત્મના મર્મથી અજાણ વ્યક્તિ માટે સફળતાનું કામ દારુના નશા જેવું - ગમતું થયું તેના આનંદથી બુદ્ધિનું છકી જવું

- अभिनन्दति ના ભાવો દ્દષ્ટિગોચર - સફળતાનો યશ જ પોતે જ લઈ લે છે. આમ સફળતાના પ્રસંગોમાં માનવીની (પ્રજ્ઞાને) બુદ્ધિને હરખ ભક્ષણ કરી જાય છે. તેથી જ સફળતા પચાવવી અઘરી. નિષ્ફળતા પચાવવી પણ અઘરી - માનવીની બુદ્ધિ અસ્થિરતાનો શિકાર - આ પરિસ્થિતિમાં તે વ્યક્તિનાં વલણમાં દ્વેષ્ટિ ના ભાવો નજરે ચઢે છે - કપટ દ્વેષ ભર્યા આયોજનની દિશા તરફ વળી જાય - જો આવું લાંબો સમય ચાલે તો વિવેકનું સામ્રાજ્ય ગુમાવીને હિંસક બની જાય. આત્મઘાત જેવા વિકલ્પ તરફ દોરાય - આમ નિષ્ફળતા પચાવવી અઘરી. આનો અર્થ એ થયો કે સફળતા કે નિષ્ફળતા બંને પરિસ્થિતિઓમાં જીવનનો આનંદનો અનુભવ ગેરહાજર - નિરાશા - અશાંતિ. આવા સંજોગોમાં ભગવદ્‌ગીતાની સ્થિતપ્રજ્ઞતા દ્વારા આપણી રક્ષા - સફળતા અને નિષ્ફળતા બંને પચાવતાં શીખવે છે. કોઈપણ દુન્યવી પરિસ્થિતિના પ્રભાવથી વિકૃત થતી બચાવવાની કરામત - કઈ કરામત ! સ્થિતપ્રજ્ઞતા. શુભ-અશુભ, સારું-નરસું, સફળતા-નિષ્ફળતા બધું પરમાત્માની ઇચ્છાથી - જેમની (સત્પુરુષ) બુદ્ધિમાં પરમાત્માના સ્વરૂપનો નિશ્ચય અચળપણે દૃઢ હોય તેવા સ્થિતપ્રજ્ઞ મહાપુરુષો સંસારની કોઈ ઘટનાઓથી વિચલિત થતા નથી. **પ્રસંગ-૧ :** લંડનમાં હેરો વિસ્તારની જમીનનો કેસ મજબૂત હતો છતાં નજીવા પ્રશ્નો આગળ ધરીને (રંગભેદીય ચુકાદો) સંસ્થાની તરફેણમાં ન આવ્યો. બધા નિરાશ - વિવેકસાગરસ્વામી આખી રાત ઊંઘી ન શક્યા. પરંતુ સ્વામીશ્રી ! જેવી ભગવાનની મરજી એમ કહીને તેમના સમય પ્રમાણે તરત સૂઈ ગયા. લંડન મંડળ પર પત્ર - મહારાજ જેમ રાજી રાખે તેમ રાજી રહેવું. તેઓ જે કરતા હશે તે સારા સારું હશે. સ્વામીશ્રીની આ જીવનભાવનામાં સ્થિતપ્રજ્ઞતા ધબકી રહી છે. **પ્રસંગ-૨ :** તા.૧૩-૭-૨૦૦૫ના રોજ દિલ્હી અક્ષરધામમાં સ્વામીશ્રી સાથે ગોઠડી - સ્વામીશ્રી કહે મહારાજના પ્રતાપે બધું થાય છે. કર્તા એ જ છે એ આપણો સિદ્ધાંત છે. સંતો કહે બાપા ! નિષ્ફળ જવાય ત્યારે મનાતું નથી. નિષ્ફળતામાં સફળતા માનવી. લંડનમાં કેસ હાર્યા બાદ તેનાથી પણ સારી જમીન મળી તેનો ઉલ્લેખ અહીં સ્વામીશ્રી દ્વારા. **પ્રસંગ-૩ :** તા.૨-૧૧-૨૦૦૫ના રોજ દિલ્હીમાં (આરામમાં જતી વખતે) સ્વામીને એક સંત કહે 'આપને લાગે છે કે આપની ઉંમર થઇ છે ?' હા, હાથ ઝાલવા પડે એટલે લાગે છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કહેતા 'ટટ્ટુ દૂબલા હો ગયા હૈ, પણ અસવાર તાજા હૈ' એમ અમારું શરીર ભલે નબળું પડ્યું પણ અંદર અસવાર બરાબર છે. આત્મામાં ભગવાનનું બળ છે. **ઉપસંહાર :** ગમે તેવી પરિસ્થિતિમાં મહાન પુરુષોની સહિષ્ણુતામાં કોઈ ડગમગાટ નહિ. પરમાત્માના બળથી તેમનો અસવાર તાજો - સ્થિતપ્રજ્ઞતાની આ જીવંત અભિવ્યક્તિ - આમ આવા સત્પુરુષો સદાય નિર્વાસનિકતાના ભોગી છે - તેમની નિર્વાસનિકતા તે જ એમનું આભૂષણ છે.

૨. **ભૂલીશ હું જગતની માયા ગુરુજી નહીં ભૂલું તમને :** (૧) કવિશ્રી રસિકદાસની કીર્તનની આ પંક્તિ સ્વામીશ્રીએ પોતાના શિષ્યો અને આશ્રિતો પર કરેલા અનંત ઉપકારો, અનુગ્રહના પરિણામરૂપે આપોઆપ સરી પડે છે. જગતની માયાને ભૂલાય પણ આપણા ગુરુજીને કેમ ભૂલાય ? ન જ ભૂલાય. (૨) ગુરુના અનંત ઉપકારો ગણાવવા માટે આપણે ખૂબ જ વામણા પરંતુ ગુરુના ઉપકારોની સ્મૃતિ કરવી, સાધનામાર્ગે આગળ વધવામાં મદદરૂપ ગુરુઓના આ ઉપકારોને યાદ કરીએ. સૌપ્રથમ તો સ્વામીશ્રી અને ગુરુપરંપરાએ પોતાના આશ્રિતો માટે પોતાનો દેહ કૃષ્ણાર્પણ - સંસ્થાના પ્રમુખપદે નિમાયા ત્યારે ગુરુને વચન આપ્યું કે આપની સંસ્થા અને ભક્તો માટે હું મારા દેહની પરવા કર્યા વગર વફાદારીપૂર્વક મારી ફરજ નિભાવીશ તે મુજબ સ્વામીશ્રીનું કાર્ય. (૩) વિચરણ હરિભક્તોના ક્ષેમ કલ્યાણ માટે, સાથે સાથે તેમના વ્યવહાર માટે સ્વામીશ્રીનું વિચરણ, પધરામણી. સતત વિચરણ, સતત પધરામણી, દિવસમાં કેટલાંય ગામડાં ખૂંદી વળે તેનો કોઈ હિસાબ જ નહિ. હરિભક્તોને રાજી રાખવા ભૂખ-તરસ, થાકને ગણકાર્યા નથી. (પ્રસંગો - વિચરણના આંકડા લખી શકાય.) (૪) જ્યાં સ્વામીશ્રી પહોંચી ન શક્યા હોય તો ત્યાં પત્રલેખન, ફોનથી ખબર પૂછી બિમારીમાં સાજા થવાના આશીર્વાદ - હરિભક્તોને મૂંઝવતા હોય તેવા પત્રોના જવાબ સ્વામીશ્રી અવશ્ય આપે જ. રાત્રે જાગીને, સભામાં, મુસાફરીમાં પણ સ્વામીશ્રીનું આ કાર્ય ચાલુ. પત્રલેખનના આંકડા લખી શકાય. (પ્રસંગો) (૫) ગુરુજીએ પોતાની બિમારીની ચિંતા કરી નથી. મોતિયાનું ઓપરેશન હોય કે બાયપાસ સર્જરી, હાર્ટએટેક આવ્યો હોય કે ગોલબ્લેડરની ગાંઠનું ઓપરેશન, પથારીમાં સૂતાં સૂતાં પણ ભક્તોની જ ચિંતા કરી છે. (પ્રસંગો લખવા) (૬) અનેક દુ:ખી મુમુક્ષુઓના જીવનમાં સુખનો પ્રકાશ પાથર્યો છે, સાંત્વનો આપ્યાં છે, બિમાર ભક્તોની ખબર લઈને તેનો રોગ દૂર કરવા માટે ભગવાનને પ્રાર્થના કરી છે. (પ્રસંગો) (૭) ગુરુજીના આ કાર્યો, ઉપકારોમાં સૌથી મોટો ઉપકાર આધ્યાત્મિક માર્ગે હરિભક્તોને વાળ્યા તે છે. અનંત જન્મોથી ભટકતા જીવોને સંસાર સાગરમાંથી પાર ઉતારવા, બ્રહ્મરૂપ કરવા કમર

કસી છે. અજ્ઞાનરૂપી અંધકારમાંથી પ્રકાશમાં લઈ જવાનો સૌથી મોટો અનુગ્રહ કેમ ભૂલાય ? (પ્રસંગો લખવા) આવું ગુરુજીનું ઋણ તો આપણે અનંત જન્મો સુધી ચૂકવી શકીએ તેમ નથી. તેથી આ ઋણને આપણે વિસરી ન જઈએ માટે આપણે ગુરુજીને ન ભૂલીએ. ગમે તેવા કઠિન સંજોગો આવે, રાજા બનીએ, રંક બનીએ, મહેલમાં સૂતા હોઈએ કે રસ્તે રખડતા હોઈએ, દુઃખોના ડુંગરા આપણા પર તૂટી પડે કે પછી આખું જગત આપણા પ્રત્યે રૂઠે તો પણ આપણે ગુરુજીને ન ભૂલીએ. (૮) આવા ગુરુજી આપણને પ્રમુખસ્વામી મહારાજની ભેટ મહારાજ અને શાસ્ત્રીજી મહારાજે આપી છે. આપણો સાધનાપથ એકદમ સરળ કરી દીધો છે તો આપણે પણ આપણા ગુરુનું ઋણ ચૂકવવા તેમના ગમતામાં રહી તેમને રાજી કરીએ - ઉપસંહાર.

૩. **B.A.P.S. : એક પરિવાર :** (૧) B.A.P.S. એટલે (બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા) એક પરિવાર. કદાચ એવો વિચાર આવે કે આટલી મોટી સંસ્થા અને લાખોની સંખ્યામાં હરિભક્તો - સંતો કઈ રીતે એક પરિવાર કહેવાય ? (૨) આજે જ્યારે એક પરિવાર અથવા પરિવારમાં જ પતિ-પત્ની કે પિતા-પુત્રની વચ્ચે એકતા ન હોય અથવા અણબનાવ હોય તો કઈ રીતે પરિવારની એકતા કહેવાય ? (૩) પૂજ્ય ડોક્ટર સ્વામી આ સૂત્ર વારંવાર દઢાવે છે 'B.A.P.S. એક પરિવાર' 'ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ' સ્વામિનારાયણ ભગવાન આપણા સૌના પિતા છે. તેથી આપણે સૌ એક જ પિતાના સંતાનો. તેથી આપણો પરિવાર એક જ - ગુરુ અથવા સંત આપણી માતા. સંત જનની જેવા તેથી આપણે બધાં એક જ પરિવારના સભ્યો તેથી B.A.P.S. એક પરિવાર. આ થયો સૂક્ષ્મ અર્થ. જેમ એક કુટુંબમાં એકતા આવે તે માટે ઘરસભા - તો B.A.P.S. એક પરિવાર તો છે જ પણ ઘરસભાથી વધારે એકતા આવતાં આખા સમૂહમાં એકતા આવે. (પ્રસંગો) (૪) સ્થૂળ અર્થમાં પણ B.A.P.S. એક પરિવાર છે. સત્સંગમાં હરિભક્તોને શારીરિક, આર્થિક અથવા બીજી મુશ્કેલીમાં સંસ્થા મદદરૂપ - અંદર-અંદર મંડળમાંથી પણ હરિભક્તો એકબીજાને મદદરૂપ થાય (પ્રસંગો લખી શકાય) - કલકત્તાના રાજેન્દ્ર અજમેરાને અમેરિકામાં લોહીની આવશ્યકતા - જરૂર કરતાં પણ વધારે યુવકો લોહી આપવા હાજર - આ જ પારિવારિક એકતા - આ એકતાના લાભથી જરૂરિયાતવાળા બાળકો માટે ફીની વ્યવસ્થા થઈ જાય. (૫) પરિવારમાં અથવા કુટુંબમાં તો સભ્યો એકબીજાને ઓળખતા હોય, જ્ઞાતિમાં, સોસાયટીમાં પણ એકબીજાથી પરિચિત તેથી મદદ કરવા તૈયાર થાય પરંતુ સત્સંગસમાજમાં તો અમેરિકામાં રહેતા હરિભક્તોને આજ્ઞા થાય તો આદિવાસી બાળકોને ફી આપે, દત્તક લઈને ભણાવે, દવાની જરૂર હોય તો તે રીતે મદદ કરે. આ હરિભક્તો એકબીજાને પરસ્પર ઓળખતા ન હોય છતાં સ્વામીશ્રી અથવા સંતોની આજ્ઞાથી અપરિચિત હોય તો પણ જરૂરિયાતમંદને મદદ કરવા તૈયાર. આ જ સંસ્થાનું મૂઠી ઉંચેરુ કાર્ય - પરિચિતોને તો મદદ થઈ શકે પણ આ રીતે મદદ કરવી તે પરિવાર કરતાં પણ ઊંચી ભાવના. (પ્રસંગો લખવા) તેથી જ B.A.P.S. એક પરિવાર. - ઉપસંહાર.

❑ ❑ ❑